**ઉમરાળાના મે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉમરાળા**
**રે.દી.મુ.નં.૦ર/ર૦૧૯**

વાદી:– સ્વ. માધવસિંહજી ઉર્ફે પોપટસિંહજી વજેસિંહના વારસદારો
વિરુદધ
પ્રતિવાદી:– સ્વ.હેમતસિંહજી વજેસિંહજી ગોહિલના વારસદાર

---

વાદી તર્ફે આંક–૧૦૭ થી દિવાની કાર્યરીતી સંહિતાના હુકમ–૧ ના નિયમ–૧૦ મુજબ દાવાના કામે સૂચિત પક્ષકારને પક્ષકાર તરીકે જોડવાની અરજી લગત હુકમ.

---

**(૦૧)...** વાદી તર્ફે હાલની અરજી સીવીલ પ્રોસીજર કોડના હુકમ–૧ ના નિયમ–૧૦ મુજબની રજૂ રાખી એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, તેઓ વાદીઓએ આ કામના પ્રતિવાદીઓ વિરુદધ ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ, કબજા માટે તથા દસ્તાવેજ રદીકરણ માટેનો દાવો દાખલ કરેલ છે જે હકીકત નામ.કોર્ટમાં રેકર્ડ પરની હકીકત છે. તેઓ વાદીઓએ આ કામના પ્રતિવાદીઓ વિરુદધ ગુજ.માધવસિંહની મિલ્કતો કે જે ભાવનગર જીલ્લાના ઉમરાળા તાલુકાના ગામ ધારૂકાના જુદા જુદા સર્વે નંબરો તથા ભાવનગર જીલ્લાના પાલીતાણા તાલુકાના ગામ મોજે કુંભણના જુદા જુદા સર્વે નંબરો સંબંધે હાલનો આ દાવો દાખલ કરેલ છે. તેમજ દાવામાં દર્શાવેલ ભાવનગર જીલ્લાના ઉમરાળા તાલુકાના ગામ ધારૂકાની રેવન્યુ સર્વે નં.ર૩૫ પૈકી ૧ ની જમીન હે.આરે.ચો.મી ૧–૩૪–૫૬ આ કામના પ્રતિવાદી નં.૧/૧/૭ ના દવારા તા.ર૮/૦૪/ર૦રર ના રોજ હાલના દાવાના ચાલુ કામ દરમ્યાન રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૩ર૮/ર૦રર થી રૂા.ર,૪ર,૩૦૦/– માં અશોકભાઈ નાનુભાઈ વાઘાણીને વેચાણ કરેલ છે. તેમજ ભાવનગર જીલ્લાના ઉમરાળા તાલુકાના ગામ ધારૂકાની રેવન્યુ સર્વે નં.૯૫ પૈકી ૧ ની જુની શરતની જમીન હે.આરે.ચો.મી ૦–૬૯–૮ર વાળી આ કામના પ્રતિવાદી નં.૧/૧/૭ ના દવારા

તા.૧૬/૦૫/૨૦૨૪ ના રોજ હાલના દાવાની ચાલુ કાર્યવાહી દરમ્યાન રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૪૧૮/૨૦૨૪ થી રૂા.૨,૮૦,૦૦૦/– માં શ્રી મુકેશભાઈ લક્ષ્મણભાઈને વેચાણ કરેલ છે. જે સંબંધેના રેવન્યુ રેકર્ડ આ અરજી સાથે રજુ રાખીએ છીએ.

વધુમાં વાદી તર્ફે હાલની અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે, આમ, ઉપરોકત હકીકતે આ કામના પ્રતિવાદી નં.૧/૧/૭ ના દવારા દાવાવાળી જમીનો પૈકી અમુક જમીન દાવાની ચાલુ કાર્યવાહી દરમ્યાન વેચાણ કરવામાં આવેલ છે જેની જાણ અમોને સદરહુ જમીનોમાં રેવન્યુ રેકર્ડ કઢાવતા થયેલ છે. જેથી અમોને હાલની આ અરજી નામ. કોર્ટ સમક્ષ દાખલ કરવાની ફરજ પડેલ છે. તેમજ આ કામના પ્રતિવાદી નં.૧/૧/૭ ના દવારા ચાલુ દાવા દરમ્યાન જે વેચાણ કરવામાં આવેલ છે તેવું વેચાણ જે વ્યકિતઓને થયેલ છે તે વ્યકિતઓ હાલના દાવાના ન્યાયીક નિર્ણય તથા નિકાલ માટે જરૂરી પક્ષકાર છે. તેમજ હાલની અરજી મંજુર કરી હાલની અરજીમાં જણાવેલ નં.(૧) અશોકભાઈ નાનુભાઈ વાધાણી, ઉ.વ.આ.પુખ્ત, ધંધો.ખેતી, રહે.પ્લોટ નં.૧૦, મહાલક્ષ્મી સોસાયટી, ચિત્રા, ભાવનગર તેમજ નં.(૨) મુકેશકુમાર લક્ષ્મણભાઈ પટેલ, ઉ.વ.આ.પુખ્ત, ધંધો.ખેતી, રહે–બી–૧૧૦૩, સુમેરૂ સિલ્વર લીંક પાલ લેક પાસે, મુ.પાલ, સુરત. ને પ્રતિવાદીઓ તરીકે હાલના દાવાના કામે પક્ષકાર તરીકે જોડવા અરજ કરેલ છે.

**(૦૨)...** ત્યારબાદ હાલની અરજી લગત સૂચિત પક્ષકારોને નોટિસ કરતા જે બજી જતાં સૂચિત પક્ષકારો તેઓના વિ.વ.શ્રી કે.એમ.ગોહિલનાઓ મારફતે હાજર થયેલ છે.

**(૦૩)...** ત્યારબાદ હાલની અરજી સબબ વાદી તર્ફે વિ.વ.શ્રી જે.વી.ઠકકરનાઓએ એવી મૌખિક દલીલ કરેલ છે કે, હાલના કામે ચાલુ દાવે પ્રતિવાદીએ સૂચિત પક્ષકારને દાવા મિલકત પૈકીની મિલકત વેચાણથી ટ્રાનસફર કરી દીધેલ છે. તેમજ અનુક્રમે સને ૨૦૨૨ અને ૨૦૨૪ માં વેચાણ કરેલ છે. જે

સંજોગોમાં સી.પી.સીના ઓર્ડર ૧ ના નિયમ ૧૦ ની જોગવાઈ મુજબ સૂચિત પક્ષકાર દાવાના કામે જરૂરી પક્ષકાર છે. તેમજ સૂચિત પક્ષકારને દાવાના કામે જોડવામાં ના આવે તો દાવા મિલકત પરત્વે વધુ વ્યવહાર થાય અને તેથી વાદીને નુકશાન જાય. જેથી હાલની અરજી મંજૂર કરવા દલીલ કરેલ છે. વધુમાં વાદી તર્ફે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા થોમસન પ્રેસ ઈન્ડીયા લી. વિ.નાનક બિલ્ડરર્સ એન્ડ ઈન્વેસ્ટર પ્રા.લી, સીવીલ અપીલ નં.૧૫૧૮/૨૦૦૦ ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. સદરહુ ચુકાદામાં ઠરાવવામાં આવેલ સિદ્ધાંતો હાલની કોર્ટ દવારા માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

ત્યારબાદ પ્રતિવાદી તર્ફે તેમજ સૂચિત પક્ષકાર તર્ફે વિ.વ.શ્રી કે.એમ.ગોહિલનાઓએ હાલની અરજી સબબ તેઓની મૌખિક દલીલમાં રજુઆત કરેલ છે કે, હાલના કામે વાદીનો પુરાવો અડધો લેવાઈ ગયેલ છે. વાદીની જુબાની થઈ ગયેલ છે. તેમજ આંક–૦૫ નો હુકમ થઈ ગયેલ છે. આંક–૦૫ ના–મંજૂર થયેલ તેની સામે વાદીએ અપીલ કરેલ જે પણ ના–મંજૂર થયેલ છે. જેથી દાવા–મિલકત પરત્વે કોઈ મનાઈહુકમ નથી. તેમજ જે વેચાણ કરેલ છે તે કાયદેસર કરેલ છે. તેમજ વાદીએ સબ–રજીસ્ટ્રાર કચેરીમાં કોઈ અરજી કરેલ નથી. વેચાણ લીગલી છે. હાલની અરજી વાદીએ હેરાન કરવા કરેલ હોય અરજી ખર્ચ સહિત ના–મંજૂર કરવા દલીલ કરેલ છે.

**(૦૪)...** હાલની અરજી વંચાણે લીધી. તેમજ કેસ રેકર્ડ વંચાણે લીધું. તેમજ બંને પક્ષને સાંભળ્યા. હાલની અરજી વાદી તર્ફે સીવીલ પ્રોસીજર કોડના હુકમ–૧ ના નિયમ–૧૦ માં કરવામાં આવેલ જોગવાઈઓ વંચાણે લીધી. હાલના કામે આ કામના વાદીનાઓએ આ કામના પ્રતિવાદીનાઓ વિરુદધ દાવાવાળી મિલકત પરત્વે જાહેરાત તથા જાથુનો મનાઈહુકમ મેળવવા તેમજ કબજા માટે તેમજ દસ્તાવેજ રદીકરણ હેતુ રજૂ રાખેલ છે. તેમજ હાલની અરજી રજુ રાખી અરજીની હકીકતે રજુઆત કરેલ છે. જે રજુઆતનો પ્રતિવાદીઓ તર્ફે તેમજ સૂચિત પક્ષકાર તર્ફે વિરોધ કરવામાં આવેલ છે. હવે વાદી તર્ફે

જે રજુઆત કરવામાં આવેલ છે કે આ કામના પ્રતિવાદી નં.૧/૧/૭ ના દાવાની ચાલુ કાર્યવાહી દરમ્યાન દાવા–મિલકત પૈકીની બે મિલકતો વેચાણ કરી દીધેલ છે. તે હકીકત રેકર્ડ ઉપરના વાદી તર્ફે રજુ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવા જોતાં વાદી તર્ફે આંક–૧૦૬ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક–૧૦૬/૧ તેમજ માર્ક–૧૦૬/૨ થી ગામ નમૂના નં.૬ હકકપત્રકની નોંધોની ખરી નકલ રજુ રાખેલ છે. તે પૈકી માર્ક–૧૦૬/૧ વંચાણે લેતાં જે ગામ નમૂના નં.૬ ફેરફાર નોંધ નં.૩૬૪૫ કે જે નોંધ તા.૧૬/૦૫/૨૦૨૪ ના રોજની વેચાણ અંગેની નોંધ છે. જેમાં નોંધની વિગત – '' ખેતીની જમીનનું રજીસ્ટર દસ્તાવેજથી વેચાણ :– બાજુમાં બતાવેલ મોજે : ધારૂકા, તા.ઉમરાળા, જિ.ભાવનગરના સર્વે નંબર ૯૫ પૈકી ૨ વાળી જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ હે.૦–૭૦–૮૨ ચો.મી થાય છે. જે ખેડ ખાતા નં.૨૬૬ થી કબ્જેદાર પ્રદિપસિંહ જીતેન્દ્રસિંહ ના નામે ચાલે છે. જે તમામ જમીન તેમણે ૧૬/૦૫/૨૦૨૪ ના રોજ ૨.દ.ન.૪૧૮/૨૦૨૪ થી માર્કેટ વેલ્યુ રૂા.૨,૫૫,૦૦૦/– અને અવેજની રકમ રૂા.૨,૮૦,૦૦૦/– માં મોજે ધારૂકા, તા.ઉમરાળા, જિ.ભાવનગર ના ખેડ ખાતા નં.૬૨૮ ના રે.સ.નં.૨૪૭ પૈકી ૨ , ૯૪ પૈકી ૨ ની જમીનના સંયુકત ધારણકર્તા પૈકી શ્રી મુકેશકુમાર લક્ષ્મણભાઈને વેચાણ કરેલ છે. રે.વે.દ આધારે વેચાણ આપનારનું નામ કમી કરી વેચાણ લેનારનું નામ દાખલ કરવા નોંધ કરી.'' તેમજ માર્ક–૧૦૬/૨ વંચાણે લેતાં જે ગામ નમૂના નં.૬ ફેરફાર નોંધ નં.૩૩૨૫ કે જે નોંધ તા.૨૮/૦૪/૨૦૨૨ ના રોજની વેચાણ અંગેની નોંધ છે. જેમાં નોંધની વિગત – '' ખેતીની જમીનનું રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ :– બાજુમાં બતાવેલ મોજે : ધારૂકા, તા.ઉમરાળા, જિ.ભાવનગર ના સરવે નંબર ૨૩૫ પૈકી ૨ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ હે.૧–૩૪–૫૬ ચો.મી થાય છે તે ખેડ ખાતા નં.૨૬૬ થી કબજેદાર પ્રદિપસિંહ જીતેન્દ્રસિંહના નામે ચાલે છે. જે તમામ જમીન તેમણે ૨૮/૦૪/૨૦૨૨ ના રોજ ૨.દ.નં.૩૨૮/૨૦૨૨ થી માર્કેટ વેલ્યુ રૂા.૨,૪૨,૩૦૦/– અને અવેજની રકમ રૂા.૨,૪૨,૨૦૮/– માં મોજે ધારૂકા, તા.ઉમરાળા, જિ.ભાવનગર ના ખેડ ખાતા નં.૫૭૩

ના રે.સ.નં.૨૬૭ પૈકી ૧/પૈકી ૨ ની જમીનના સંયુકત ધારણકર્તા પૈકી શ્રી અશોકભાઈ નાનુભાઈ વાઘાણી ને વેચાણ કરેલ છે. ૨.વે.દ આધારે વેચાણ આપનારનું નામ કમી કરી વેચાણ લેનારનું નામ દાખલ કરવા નોંધ કરી.

આમ, વાદી તર્ફે માર્ક–૧૦૬/૧ તેમજ માર્ક–૧૦૬/૨ થી રજુ રાખેલ ફેરફાર નોંધો વંચાણે લેતાં હાલના કામના પ્રતિવાદી નં.૧/૧/૭ નાઓએ હાલના દાવાની ચાલુ કાર્યવાહી દરમ્યાન હાલની અરજીમાં જણાવેલ હકીકતે સૂચિત પક્ષકારોને વેચાણ કરેલ હોવાનું જણાઈ આવે છે. જે સંજોગોમાં સદરહુ વેચાણ ટ્રાન્સફર ઓફ પોપર્ટી એકટની કલમ–પર મુજબ દાવાની ચાલુ કાર્યવાહી દરમ્યાનનું વેચાણ હોય દાવાની વિષયવસ્તુ પરત્વે વધુ દાવા–દૂવી થતા અટકાવવા હેતુ પણ હાલના સૂચિત પક્ષકારોને હાલના દાવાના કામે પ્રતિવાદી તરીકે જોડવા ન્યાય ઉચિત જણાઈ આવે છે.

વધુમાં પ્રતિવાદી તર્ફે તેમજ સૂચિત પક્ષકાર તર્ફે જે દલીલ કરવામાં આવેલ છે કે હાલના કામે વાદીની જુબાની થઈ ગયેલ છે. તેમજ આંક–૦૫ ના–મંજૂર થયેલ છે. તેમજ વાદીએ સબ–રજીસ્ટ્રાર કચેરીમાં કોઈ અરજી કરેલ નથી. પરંતુ સદરહુ દલીલ ગ્રાહય રાખી શકાય નહિ કેમકે, સી.પી.સી ઓર્ડર–૧ ના નિયમ–૧૦(૨) માં કરવામાં આવેલ જોગવાઈ વંચાણે લેતાં '' કાર્યવાહીના કોઈપણ તબકકે કોઈપણ પક્ષકારની અરજી ઉપરથી કે અરજી વિના અને પોતાને ન્યાયી લાગે તેવી શરતોએ ન્યાયાલય એવો હુકમ કરી શકશે કે વાદી અથવા પ્રતિવાદી તરીકે અયોગ્ય રીતે સામેલ કરેલા કોઈ પક્ષકારનું નામ કાઢી નાંખવું, અને દાવામાં સમાયેલા બધા પ્રશ્નોની સંપૂર્ણ અને કાર્યસાધક રીતે ન્યાય–નિર્ણય કરી ન્યાયાલયોથી પતાવટ થઈ શકે તેટલા માટે ન્યાયાલયની રૂબરૂ જેની હાજરીની જરૂર જણાય તેનું અથવા વાદી કે પ્રતિવાદી તરીકે જેનું નામ દાખલ કરવું જોઈતું હતું તેનું નામ સામેલ કરવું. '' તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. જે સંજોગોમાં ઉપરોકત તમામ હકીકતે ચર્ચા કર્યા મુજબ વાદીની હાલની અરજી પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

--:: હુકમ ::--

૧. વાદી ની હાલની આંક–૧૦૭ ની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

૨. હાલના દાવાના કામે હાલની અરજીમાં જણાવેલ સૂચિત પક્ષકાર નં.(૧) અશોકભાઈ નાનુભાઈ વાઘાણી, ઉ.વ.આ.પુખ્ત, ધંધો.ખેતી, રહે.પ્લોટ નં.૧૦, મહાલક્ષ્મી સોસાયટી, ચિત્રા, ભાવનગર તેમજ નં.(૨) મુકેશકુમાર લક્ષ્મણભાઈ પટેલ, ઉ.વ.આ.પુખ્ત, ધંધો.ખેતી, રહે–બી–૧૧૦૩, સુમેરૂ સિલ્વર લીંક પાલ લેક પાસે, મુ.પાલ, સુરત. ને પ્રતિવાદીઓ તરીકે હાલના દાવાના કામે પક્ષકાર તરીકે જોડવા આથી હુકમ કરવામાં આવે છે.

૩. વાદીએ હુકમ મુજબ દાવા અરજી તેમજ મનાઈ અરજીમાં સુધારો કરવો તેમજ સુધારેલ દાવા અરજી તેમજ મનાઈ અરજી દિન–૧૪ માં હાલના કામે રજુ રાખવી.

હુકમ આજરોજ તારીખ ૩૦ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૩/૨૦૨૬ ( ખાંટ યોગેશકુમાર કાભઈભાઈ)
ઉમરાળા પ્રિન્સીપાલ સીવીલ જજ,ઉમરાળા
જજ કોડ: જી.જે/૦૧૪૫૮

[Y.K.Khant]
Principal Civil Judge, Umrala Dt.30/03/2026